# ઋણ સ્વીકાર

કોલેજ કાળના એ સ્વપ્નશીલ મુગ્ધ વર્ષો કે ત્યારથી ગુજરાતી સાહિત્ય પ્રત્યે આકર્ષણ વધ્યુ. આ કોલેજ કાળના વર્ષો કયારનાય ઝાકળની જેમ ઉડી ગયા ત્યાતો એક પ્રધ્યાપક તરીકેની ફરજ બજાવવાનો લહાવો મળ્યો અને ત્યારથી જ ગુજરાતી શિષ્ટ સાહિત્ય, લોક–સાહિત્ય તેમજ વિશ્વસાહિત્ય પ્રત્યે શોખ કેળવાતો ગયો. પછી તરતજ મને પીએચ.ડી. કરવાનો વિચાર આવ્યો અને વિચારીને સહર્ષ સ્વીકારી વિષય પસંદગી અર્થે મારા ગુરૂ ડો. બળવંત જાની સાહેબ સાથે ચર્ચા કરી અને વિષય પ્રત્યેની લગન તથા હાથમાં આવેલુ કાર્ય શરૂ કર્યુ.

જે તે સમયે ડો. ભગવાનદાસ પટેલ સંપાદિત લોકમહાકાવ્યોમાંથી પસાર થવાની તક મળી. અલબત આ નિમિતે અભ્યાસનો આનંદ કંઈક ઔર જ હોય છે.

મારા આ ભગીરથ કાર્યમાં સંતોષદાયક ઉત્તરો દ્વારા સંતોષી સતત કાર્યના સન્ધાનમાં ગુરૂ કર્તવ્ય બજાવ્યું મારા માર્ગદર્શક ડો. બળવંત જાની સાહેબે. એમનો પ્રત્યક્ષ અને પરોક્ષ સહકાર હું કઈ રીતે ભૂલી શકું ? એમની આ તકે હૃદયથી ઋણી છું.

આ ઉપરાંત અન્ય અધ્યાપકોએ પણ મારા આ કાર્યને સફળ બનાવવા યેન કેન પ્રકારે સહકાર આપ્યો છે. તેમને પણ આ નિમિતે યાદ કરું તો એસ.એન.ડી.ટી. યુનિ. મુંબઈના ગુજરાતી સ્વ. પૂર્વ અધ્યક્ષ નૂતનબહેન જાની તથા હાલ કાર્યરત બહેનશ્રી ડો. દર્શનાબહેનની પણ આ નિમિતે ઋણી છુ.

મારૂ સ્વપ્ન આજે શબ્દરૂપ આકાર થઈ રહ્યુ છે ત્યારે સૌથી વધારે ઋણી છું મારા પૂ. માતા–પિતા તથા સ્વ. સાસુ– સસરાની. જેમને સપ્તપદીના સાત વચનને બરાબર નિભાવ્યા તેવા મારા જીવનના હમસફર – હમરાહી શ્રી– પ્રદીપ જેઠવાની. આશાન્વીત આંખોનું ઓજસ મારા બાળકો ‘શ્રેયા–પ્રિયાંશુ’ મારું બળ રહ્યુ છે ને રહેશે તેની પણ આ તકે હું ઋણી છું

આ સમયે મારા મિત્રોને કેમ વિસરું ? ડો. બીના ત્રિવેદી એ મને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર આપ્યો છે. તેમની પણ હું ઋણી છુ. મારી કોલેજ શ્રી મહારાજા ભગવતસિંહજી આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ પરિવાર ની આ તકે ખૂબ જ ઋણી છું.

અંતમાં સમગ્ર સંશોધન કાર્ય દરમ્યાન મારી કોલેજના પ્રિ ડો.એસ.જે. ઝાલા સાહેબે મને

જયારે જયારે મુંબઈ જવાનું થતું ત્યારે રજા આપતા કયારેય ના પાડેલ નથી તેમની પણ હું ઋણી છું આ સંશોધન કાર્ય દરમ્યાન મને થીસીસ ટાઈપ કરી આપનાર પ્રા. ડો. કે. ડી. પટેલની હું હૃદય પૂર્વકની ઋણી છું. જેમણે મને સમયાંતરે આ કાર્ય પૂર્ણ કરવામાં અત્યંત મહત્વનો ફાળો આપ્યો છે બધાનો આભાર માનુ છું.

**પ્રા.એચ.બી.પરમાર**
*(એમ.એ.,બી.એડ્.)*
*વ્યાખ્યાતા : ગુજરાતી વિભાગ*
*શ્રી એમ.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગોંડલ*
*જિ.રાજકોટ*